# ચશમએ કવસર.

જેની અંદર દોરૂદ, સલવાત, તીજા, નમાઝના માયના,
શબેકદરના અઅમાલ, ઈદની તથા મય્યતની નમાઝ વી૦
વીગ લખવામાં આવેલ છે.

## છપાવી વકફ કરનાર.

શેઠ પીરભાઈ ઝીણાભાઇ લાલપુરવાળા,
તથા શેઠ નુરમોહમ્મદભાઈ પરશોતમભાઈ.


## બનાવનાર.

# હાજી ગુલામઅલી હાજી ઈસમાઈલ

અખીપતી રાહે નજાત બાગે નજાત અને નુરે ઇમાન,
તફસીર, વી૦ ૧૧૫ કીતાબોના કર્તા.



## અહમદઆબાદ પાંચપટ્ટી.

શાઅબાન સન ૧૩૨૬ હી૦ પ્રત ૫૦૦

ઇરન.અશરીપ્રીન્ટીંગપ્રેસ.-અમદાવાદ

# જાહેર ખબર.

ખુદાની બેહદ તઅરીફ અને અહલેબયત અ૦ ઉપર બેશુમાર સલવાત બાદ અરજ કે-દુન્યામાં આવી આખેરત કમાઇને જાય તેનેજ અક્કલમંદ અને પોતાનો ખયરખાહ સમજવો, તો આખેરતને કમાવાના સાધનો અહકામેદીનથી વાકેફ થવું, પયગમ્બરો ઇમામો અને આબીદો વીગેરેના અહવાલ જાણવા, નસીહતના કલામો અને પરહેઝગારીની બીનાથી વાકેફ થવું વી૦ છે, તો એ બાબતોના ચોપાનીયા અને કીતાબો સોળ વરસ થયાં અમો પ્રગટ કરીએ છીએ જેનું લીસ્ટ અરધો આનો મોકલીને મંગાવો.

તમામ બીરાદરો પંજેતને પાક અ૦ ને માનવાવાળા મોહીબ્બોને અરજ કરવાની રજા લેવામાં આવે છે કે આપ ઉત્તેજન નહીં આપો તો તેનો બોહળો ફેલાવો કેમ થશે? અને ગરીબોને જે ઓછી કીંમતે લાભ મળે છે તે ચાલુ કેવા રીતે રહેશે? માટે દરેક સાહેબે મકદુરે કીતાબો અને ચોપાન્યા વકફ કરવા જોઇએ, તેથી અમારૂ કામ ચાલે, ગરીબોને ફાયદા પહોંચે તમોને સવાબે અઝીમ થાય.

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે આ ચીજોના ગ્રાહક ફક્ત ઇસલામીઓ વીના બીજા કોઇ થાય નહીં, તેમાં પણ ખાસ કરીને શીઆહ મઝહબ વાળાઓજ લીએ છે, માટે દરેક બીરાદરે જરૂર કદર કરવી.

આથી પહેલાના તમામ લીસ્ટ વી૦ રદ છે, આ લીસ્ટ મુજબ લેવામાં આવશે.

લી૦ હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ
અધીપતી રાહેનજાત અને નુરેઇમાન
અમદાવાદ પાંચપટી.

# ચશમએ કવસર.

જેની અંદર દોરૂદ, સલવાત, તીજા, નમાઝના માયના, શબેકદરના અઅમાલ, ઇદની તથા મય્યતની નમાઝ વી० વી० લખવામાં આવેલ છે.

## છપાવી વકફ કરનાર.

શેઠ પીરભાઈ ઝીણાભાઇ લાલપુરવાળા,

તથા શેઠ નુરમોહમ્મદભાઈ પરશોતમભાઈ.

## બનાવનાર.

# હાજી ગુલામઅલી હાજી ઈસમાઇલ

અધીપતી રાહેનજાત બાગેનજાત અને નુરેઇમાન, તફસીર, વી० ૧૧૫ કીતાબોના કર્તા.

## અહમદઆબાદ પાંચપટ્ટી.

શાઅબાન સન ૧૩૨૬ હી० પ્રત ૫૦૦

ઇરત.અશરીપ્રીન્ટીંગપ્રેસ.-અમદાવાદ

# ચશમએ કવસર.

યાને કવસરનો ઝરરો.

## બિસ્મિલ્લાહિર્ રહેમાનિર્ રહીમ

અલહંમ્દો લિલ્લાહે રબ્બીલ આંલમીન, વસ્સંલાતો વસ્સલામો અંલા મોહમ્મદિન વ આલેહિત્તંય્યેબીન ત્તાંહે-રીન, વલઅનતુલ્લાહે અંલા અઅંદાએહિમ અજમઇંન.

બીરાદરાને ઇમાનીની ખીદમતે બાબરકતમાં—

## નાચીજ હાજી ગુલામેઅંલી હાજી ઇસમાઇલ

અરજ કરે છે કે દુલીયારથી શેઠ પીરભાઇ ઝીણાભાઇ લાલપુરવાળાની ફરમાશથી આ કીતાબ લખીને ચશમએ કવસર નામ રાખ્યું, અને તેઓએ પોતાની માતાજી બાઇ શામબાઇની રૂહના સવાબ માટે, તથા શેઠ નુરમોહમ્મદભાઈ પરશોતમભાઇએ મળીને વકફ કરી છે. ખુદાએતઆલા વકફ કરનારાઓને દીન અને દુન્યામાં નેક બદલો અતા ફરમાવે, અને મરહુમાને જન્નત નસીબ કરે. આમાં મસાએલ જનાબે શેખ હાજી મોહમ્મદહુસેન સાહેબ મુજત-હેદ દામઝીલ્લહુ નીરાયથી અને અઅમાલ ઝાદુલ મઆદમાંથી લખ્યા છે. કોઇ જગ્યોએ ભુલ જોવામાં આવે તો સુધારીને સવાબમાં દાખલ થશો, અને હર હાલમાં આ ખાકસાર બેકસો લાચારને દોઆએ ખૈરથી યાદ ફરમાવશો.

વસ્સલામ.

# દોરૂદે શરીફ.

## મિન્તસ્નીફે જનાબે ઝાકીરે સિફ્તે રસુલે મન્નાન શાએરે શીરીં બયાન જનાબ "અમીન" સાહેબ દામ ફઝલહુ.

જાણવું જોઇએ કે દોરૂદ પડવામાં ઘણો સવાબ વારીદ થયો છે તેમાંથી ટુંક એકે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે જેના રૂબરૂ મારો ઝીકર થાય અને તે મ્હારા ઉપર દુરૂદ ન મોકલે તો તે દોઝખની આગમાં દાખલ થશે અને ખુદા તેને પોતાની રહ-મતથીં દુર કરશે, અને એજ હઝરતે ફરમાવ્યું કે જે કોઈ આગળ મ્હારો ઝીકર થાય અને તે મ્હારા ઉપર દુરૂદ મોકલતાં ભુલી જાય તો એવું છે કે તે બેહીશ્તના રસ્તાને ભુલી ગયો, અને એજ હઝરતે ફરમાવ્યું કે જે કોઇ મુજ ઉપર અને મ્હારી આલ ઉપર મ્હારી બુઝુર્ગી અને અઝમતના સબબથી દુરૂદ મોકલે તો ખુદાએ તઆલા તે દુરૂદથી એક ફીરીશતો પૈદા કરે છે કે તેનાં પાંખો પુર્વથી પશ્ચિમ સુધી હોય છે અને તેના પગ સાતમી જમીનનં ઉપર હોયછે, અને તેની ગરદન અર્ષની નીચે હોય છે, તેને ખુદા ફરમાવેછે કે તે મ્હારા બંદા ઉપર એવી રીતે દુરૂદ મોકલ કે જેવી રીતે તેણે મ્હારા પયગમ્બર ઉપર દુરૂદ મોકલ્યું છે, તેથી તે ફીરીશતો તે બંદા ઉપર કયામત સુધી દુરૂદ મોકલે છે. તો મજલીસમાં પડવા માટે નીચે મુજબ દોરૂદ જનાબે " અમીન " સાહેબ પાસે બનાવરાવ્યું છે.

અઝીઝો અહમદે મહમુમપર દોરૂદ પડહે*
અલી વ ફાતેમા મગમુમ પર દોરૂદ પડહો*
હસન હુસયનસે મઝલુમપર દોરૂદ પડહો*
તમામ અઇમ્મએ મરહુમપર દોરૂદ પડહો*
મોહિબ્બો ચારદા મઅસૂમપર દોરૂદ પડહો. ૧
દોરૂદ પડહનેસે ચેહરેપે નુરકા હો ઝોહુર*
દોરૂદ પડહનેસે સબ દિલકી હો સીયાહી દુર*

દોરૂદ પડહનેસે હરએક કુંલ્ફતહો પુરનુર*
દોરૂદ પડહનેસે મિલ્તી હૈ બાગે ખુલ્દમેં હુર*
મોહિબ્બો ચારદા મઅંસૂમપર દોરૂદ પડહો. ૨
દોરૂદ પડહનેસે ઈમાનો દિલહો: કામિલ*
દોરૂદ પડહનેસે હુંક પાસ દુઃહો બાતિલ*
દોરૂદ પડહનેસે જાહિલ ભી હોતા હો આકિલ*
દોરૂદ પડહનેસે ઇસલામ હોતાહૈ હાસિલ*
મોહિબ્બો ચારદા મઅંસૂમપર દોરૂદ પડહો. ૩
દોરૂદ પડહનેસે હો બાગે અન્જુમન ખુશબુ*
દોરૂદ પડહનેસોડામિસ્સે ગુલદહન ખુશબુ*
દો. દ પડહનેસે હો સારા તનબદન ખુશબુ*
દોરૂદ પડહનેસે હો કબ્રમેં કફન ખુશબુ*
મોહિબ્બો ચારદા મઅંસૂમપર દોરૂદ પડહો. ૪
યેહ વોહ દુરૂદ હૈ રૂહુલ અમીંજીસે લાયા*
ખુદાકી સિમ્તસે તોહફા રસુલકો આયા*
ઇસી દોરૂદને નારે સકરકો બુઝવાયા*
ઇસી દોરૂદને રસ્તા ઇરમકા દિખલાયા*
મોહિબ્બો ચારદા મઅંસૂમપર દોરૂદ પડહો. ૫
ઇસી દોરૂદસે હૈ બંદગી ખુદાકા કોબુલ*
ઇસી દોરૂદસે હોતેહૈં ખુશ જનાબે રસુલ*
ઇસી દોરૂદસે હોતેહૈં નાજીયોમેં શોમુલ*
ઇસી દોરૂદસે હોતેહૈં કસ્રે ખુલ્દ હોસુલ*
મોહિબ્બો ચારદા મઅંસૂમપર દોરૂદ પડહો. ૬
હો કિસ ઝબાનો દહનસે બયાને વસ્ફે દોરૂદ*
દોરૂદ પડહનેસે કાએમ નમાઝકેહૈ હોદુદ*
દોરૂદ પડહનેસે બખશે ગુનાહ રબ્બે વોદુદ*
દોરૂદ પડનેસે ખુલ્દે બરીંમેં હોગા વોરૂદ*
મોહિબ્બો ચારદા મઅંસૂમપર દોરૂદ પડહો. ૭
યેહી દુરૂદ તો હર દર્દો ગમકા હૈ દરમાં*
દોરૂદહીસે હૈ મકબુલ તાઅતે યઝદાં*

પડહોદોરૂદતો ખીદમત કરે બહિશ્ત ગીલમાં*
પડહો દોરૂદ તો લો હકંસે ગુલશને રિઝવાં*
મોહિંબ્બો ચારદા મઅંસૂંમપર દોરૂદ પડહો. ૮
દોરૂદ પડહનેસે પીરીમેં ભી શબાબ આએ*
દોરૂદ પડહનેસે હાથ અજર બેહિસાબ આએ*
દોરૂદ પડહનેસે ચશમેંમેં આબો તાબ આએ*
દોરૂદ પડહનેસે બસ કવસરી ખીતાબ આએ*
મોહિંબ્બો ચારદા મઅંસૂંમપર દોરૂદ પડહો. ૯
અગર હે મદ્દે નઝર યેહકે શાદહો બારાં*
રખો દોરૂદકો હરદમ ઝબાનપર જારી*
પડહો દોરૂદ તો હો દુર દિલકી અંધ્યારી*
પડહો દોરૂદ તો ફૂલે લહદમેં ફુલવારી*
મોહિંબ્બો ચારદા મઅંસૂંમપર દોરૂદ પડહો. ૧૦
દોરૂદ પડહનેસે હરએક કામ હોતા હે*
દોરૂદ પડહનેસે ઉકબામેં નામ હોતા હે*
દોરૂદ પડહનેસે ગુલ્જગું કલામ હોતા હે*
દોરૂદ પડહનેસે ખુશબુ મશામ હોતા હે*
મોહિંબ્બો ચારદા મઅંસૂંમપર દોરૂદ પડહો. ૧૧
બનેગા હશ્રમેં મહઝર યેહી દોરૂદે શરીફ*
ગુનાહકે ધોએગા દફતર યેહી દોરૂદે શરીફ*
રહે હરમકા હે રહબર યેહી દોરૂદે શરીફ*
પીલાએગા મએ કવસર યેહી દોરૂદે શરીફ*
મોહિંબ્બો ચારદા મઅંસૂંમપર દોરૂદ પડહો, ૧૨
દોરૂદ પડહનેસે અફઝું સાફાત પાઓગે*
દોરૂદ પડહનેસે લુત્ફે હયાત પાઓગે*
દોરૂદ પડહનેસે અચ્છી વફાત પાઓગે*
દોરૂદ પડહનેસે યારો નજાત પાઓગે*
મોહિંબ્બો ચારદા મઅંસૂંમપર દોરૂદ પડહો. ૧૩
યેહી દોરૂદ સબબ દિલકે હે સોરૂરાંકા*
કેબાલા હે યેહી ફિરદોસ કે કોસુરોંકા*

'ઇસી દોરૂદસે હૈ ચશમ ગંજ નુરેંકા*
યેહી દોરૂદ હૈ જન્નતમેં મહર હુરેંકા*
મોહિબ્બો ચારદા મઅસૂમપર દોરૂદ પડહો. ૧૪

યેહી દોરૂદ હૈ મોઅમિનકા મુસહફે ઇમાં*
યેહી દોરૂદ હૈ ઝએ તિલાવતે કુરઆં*
ઇસી દોરૂદસે હૈ ઝીનતે નમાઝો અઝાં*
ઇસી દોરૂદકા લાઝિમ વઝીફા હૈ હરઆં*
મોહિબ્બો ચારદા મઅસૂમપર દોરૂદ પડહો. ૧૫

દોરૂદ પડહનેસે હો શાદ હર દિલે નાશાદ*
દોરૂદ પડહનેસે રખતાહૈ ઘર ખુદા આબાદ*
દોરૂદ પડહનેસે નારે સકરસેહો આઝાદ*
દોરૂદ પડહનેસે મહશરકે રોઝ પાઓગે દાદ*
મોહિબ્બો ચારદા મઅસૂમપર દોરૂદ પડહો ૧૬

યેહી દોરૂદ રૂએ મોઅમેનીંકા હૈ ગાઝા*
ન હસર ઇસકે સવાબોંકા હૈ ન અંદાઝા*
દોરૂદ પડહનેસે પઝમુરદા ગુન્ચાહો તાઝા*
દોરૂદ પડહનેસે વા હો ઇરમકા દરવાઝા*
મોહિબ્બો ચારદા મઅસૂમપર દોરૂદ પડહો. ૧૭

દોરૂદ પડહકે પુકારા કલમ દમે ઇરકામ*
"અમીન"રોકલો અબ તવસને ઝોકાકી લગામ*
રસુલો ફાતેમા ઝહરાહેં ઔર બારા ઇમામ*
યેહી બુઝુર્ગહેં સબ લાએકે દોરૂદોસલામ*
મોહિબ્બો ચારદા મઅસૂમપર દોરૂદ પડહો. ૧૮

## * તીજા. *

આ તીજો ચહેલુમના દીવસે પડવો હોય તો પાંચમી કડીમાં "તીજા" શબ્દ આવે છે તે ઠેકાણે ચહેલુમ શબ્દ વાંચવો. અને ઔરત માટે પડે તો દરેક નરજાતી શબ્દને નારીજાતી વાપરવો જેમકે બીચારેકી તેને બદલે બીચારીકી વાંચે. અને "વો બીચારા ચલબસા"વાળી કડીને બદલે નીચે મુજબ વાંચે,

વો બીચારી ચલબસી રોતે રહે અહલે વતન.

યા ઇલાહુલ આલમીં યે ઇલતીજા કીજો કબુલ,
વાસ્તે અહુમદ નબીકે હો મુરાદે દિલ હુસુલ;
ગરદિશે દુન્યાસે મેરા હાલ નીહાયત હૈ મલુલ,
કર કરમકી ટુક નીગાહ જોયે સુખન હો નાઅહુલ;
જીસકા તીજા આજ હૈગા યા મોહુમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજયો રહુમતકે ફુલ.
આજ વો બેકસ બીચારા ઘરકો અપને છોડકર;
કબ્રકે જાકર મહુલમેં હૈગા સોતા બેખબર;
જહાં તાથા સબ રહગયા નઈ સાથ આયા કોઇ મગર,
સબ સગે ઔર સોદરે રોતે હૈં ઊસકે હાલપર;
જીસકા તીજા આજ હૈગા યા મોહુમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજયો રહુમતકે ફુલ,
કયા કહું ઉસકા મુસીબત જીસઘડી આઇ અજલ,
સબ હુકામાં ઔર તબીબાં હો રહે આજીઝ સગલ;
કુચ્છ દવા કારી નહુઇ ઔર આ ખડા વકતે કબલ,
હોશ સબ જાતા રહા ઔર રૂહ ગઇ તનસે નીકલ;
જીસકા તીજા આજ હૈગા યા મોહુમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજયો રહુમતકે ફુલ.
અય અઝીઝો કયા કહું વો વકત હૈ અયસા કઠન,
જો ઝબાંસે બોલને તાકાત કીસે નઈ એક સુખન;
કાં રહી ઉસકી ઇમારત કાં રહા ઉસકા વતન,
વો બીચારા ચસમસા રોતે રહે ફરઝંદો ઝન;
જીસકા તીજા આજ હૈગા યા મોહુમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકા કબરપર ભેજયો રહુમતકે ફુલ.
ચાંદસા વો મુખ છુપાયા ખાકમેં બોલુ મૈં કયા,
યાદ આતા હૈ વો સબકો હરઘડી શામો સબા;
ખુબીયા ઉસકી નઝરમેં ફીરતી હૈં બારે ખુદા,
દુખ સહા જાતા નહીં ટુટતા હૈ દીલ બેઇન્તેહા;
જીસકા તીજા આજ હૈગા યા મોહુમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજીયો રહુમતકે ફુલ.
કબ્રપર મરહુમકે રોતે હૈં સબ મીલકર તમામ,
ગમસે છાતી ભરઆતી હૈ સભોંકી સુબ્હોશામ;

અયં ખુદાવંદા કરીમા કાં ગયા વો ખુશકલામ,
કબ તલક અબ દીલકો રખેં ગમસે ઉસકે થામ થામ:
જીસકા તીજા આજ હૈગા યા મોહમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજીયો રહમતકે ફુલ.
યા મોહમ્મદ મુસતફા તુમ સાહેબે મેઅરાજહો,
ઊમ્મતે આસીકે હકમેં ગોયા તુમ સરતાજહો;
દીનો દુન્યામેં કીસીકે તુમ નહીં મોહતાજહો,
હકકે તુમ મહબુબ હો સરવરહો અફલે રાજહો;
જીસકા તીજા આજ હૈગા યા મોહમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજીયો રહમતકે ફુલ.
હશ્રમેં કીજો શફાઅત અપની ઉમ્મતકી નબી,
લુત્ફસે બરહક તુમ્હારે છુટેંગે આસી સભી;
હૈં ભરોસા સબકે તઇં પાવેંગે જન્નતકો સભી,
અેશ ઔર અશરતસેતી કરતે રહેં ગુઝરાં સભી;
જીસકા તીજા આજ હૈગા યા મોહમ્મદ યા રસુલ,
ઊસ બીચારેકી કબરપર ભેજયો રહમતકે ફુલ.
સય્યદ 'કાસીમ' તુમ્હારા હૈ કમીના ખાનેઝાદ,
સુરખરૂ રખ્યો તુમ ઉસકો દોજહાંમેં શાદશાદ;
યા મોહમ્મદ મુસતફા તુમ ઉસકે દીલકી દો મુરાદ,
દસ્મે અઅઝમકા વઝીફા હય તુમ્હારે ઉસકો યાદ;
જીસકા તીજા આજ હૈગા યા મોહમ્મદ યા રસુલ,
ઉસ બીચારેકી કબરપર ભેજયો રહમતકે ફુલ.

## સલવાત મીન તસનીફ જનાબે "અમીન"

અએ ખાસએ દાવર સલ્લે અલા=અએ હાદીયો રહબર સલ્લે અલા;
અએ ખલકકે સરવર સલ્લે અલા=અએ શાફેએ મહશર સલ્લે અલા;
યેહ ઇસ્મે મોહમ્મદ ખુબ હુવા=અલ્લાહકો ભી મરગુબ હુવા;
મતલુબ હુવા મહબુબ હુવા=કયા નામે પયમબર સલ્લે અલા;
તાહાતો સનાકા હએ નામા=યાસીને મોઝીં હએ અમ્મામા;
લવલાક કમાકા ભી જામા=કયા ઠીક હએ તનપર સલ્લે અલા;
ખાતેમ હએ નબુવ્વતકા બેશક=હાદી હએ ઇસ ઊમ્મતકા બેશક;

ઔર ચર્ખે રીસાલતકા બેશક=હુએ મહરે મુનવ્વર સલ્લે અલા;
હુએ રશ્કે દોખાં ગેસુએ દોતા=રૂખસારે સફા વશ્શમસે ઝોહા;
પેશાનીયે અનવર બદરૂદ દુજા=હરખાલ હુએ અખતર સલ્લે અલા;
તુમ શેફતએ ગફ્ફાર હુવે=કુફ્ફારસે તુમ બેઝાર હુવે;
સબ ખલ્કકે તુમ સરદાર હુવે=અએ નાએબે દાવર સલ્લે અલા;
ફરમાં હુએ તેરા અહકામે ખુદા=બખશીશ હુએ તેરી ઇકરામે ખુદા;
કયા વાઅઝ હુએ તેરા નામે ખુદા=અએ સાહેબે મીમબર સલ્લે અલા;
રૂતબા યેહ કીસીને કબ પાયા=થા જીસ્મે પયમબર બેસાયા;
હે ઘરસે ખુદા કે હાથ આયા=હૈદરસા બીરાદર સલ્લે અલા;
મન્કુનતો હદીસે શાહે હોદા=હુએ બહરે ખીલાફતે શેરે ખુદા;
શાહેદ હુએ કલામે અનફોસના=હુએ નફસે પયમબર સલ્લે અલા;
દો હકને યેહ કુવ્વત હૈદરકો=કન્દા કીયા ખયબરકે દરકો;
તીફલીમેં ભી ચીરા અઝદરકો=અએ ફાતેહે ખેબર સલ્લે અલા;
હુસનએનકા હો કયા વસ્ફ બયાં=એક રશ્કે ચમન એક ગુન્ચે દહાં;
ફીરદોસમેં હું એ દોનોંકે મકાં=એક સુર્ખ એક અખઝર સલ્લે અલા;
મશહુર હુઈ જો સુલહે હસન=હુએ બહરે ઊમમ ઇસલાહે હસન;
સર સબ્ઝ હુએ જીસસે દીંકા ચમન=અએ સીબ્તે પયમબર સલ્લે અલા;
શમશીર ફીરવાકે સીજદેમેં=ગરદન ભી કટાઇ સીજદેમેં:
કી હરકે ખુદાકી સીજદેમેં=સરવરને મોહીમ સર સલ્લે અલા;
સર કટકે સીનાંપર જબકે ચડહા=બસ મરતબએ મેઅરાજ મિલા;
ઔર તાજે રફઅના ખુબ હુવા=ઝેબે સરે સરવર સલ્લે અલા;
ઝીનદાંકી ગવારા કરકે જફા=દોઝખસે કીયા શીઆંકો રેહા;
કયા તયકી રહે તસલીમો રેઝા=અએ આબીદે લાગેર સલ્લે અલા;
તૈયાર બ શફકકતકી હકને=બા સોઝને કુદરત સી હકને;
કયા આલે અબાકો દી હકને=તતહીરકી ચાદર સલ્લે અલા;
રીઝવાં જો કદમ યાં આકે ધરે=જન્નતકી ફીર વોહ ખાહીશ ન કરે;
અએ કરબોબલા દામનમેં તેરે=કયા કયા હુએ ગુલેતર સલ્લે અલા;
બર આલે નબા ઔલાદે અલી=પડહતે હું એ સદા સલવાત સભી;
હુએ વીર્દ દહનકો નામે નબી=જારી હુએ ઝમાંપર સલ્લે અલા;
હરવકત "અર્શી"કા હુએ યેહ સુખન=અએ શાફેએ મહશર શાહે ઝમન;
અએ માલેકે ખુલ્દો નહરે લબન=અએ સાકાયે કવસર સલ્લે અલા;

## નમાઝમાં પડવાની ચીજોના માયના.

### અઝાન યાને બાંગ તરજુમા સાથે.

**અલ્લાહો અકબરે,** ચાર વખત
અલ્લાહ બુઝુરગ છે.

**અશહદોઅન્ને લાએલાહ ઈલ્લલ્લાહ,** બે વખત
ગવાહી આપુછું હું એકે નથી માઅબુદ પણ અલ્લાહ.

**અશહદોઅન્ને મોહંમ્મદરે રસૂલુલ્લાહ,** બે વખત
ગવાહી આપુછું હું તહકીક મોહમ્મદ સ૦ રસુલ છે ખુદાના

**અશહદો અન્ન અમીરલે મોઅમેનીન**
ગવાહી આપુ છું હું તહકીક અમીરૂલ મોઅમેનીન.

**અલીયન્ને હુજ્જતુલ્લાહ,** બે વખત
અલી અ૦ હુજ્જતે ખુદા છે.

**હંય્ય અલસ્સલાહ,** બે વખત
દોડો નમાઝની તરફ.

**હંય્ય અલલે ફલાહ,** બે વખત
દોડો રસ્તગારી તરફ.

**હંય્ય અલા ખયરિલ અમલે** બે વખત
દોડો તરફ બેહતરીને અઅમાલની

**અલ્લાહો અકબરે,** બે વખત

**લાએલાહ ઈલ્લલ્લાહ,** બે વખત
નથી માઅબુદ પણ અલ્લાહ.

## એકામાહ.

એકામાહ અને અઝાનમાં થોડો ફરક છે, એકામાહ અઝાન પછી નીચે મુજબ કહેવી.

અલ્લાહો અકબરે, બે વખત

અશહદોઅન્ને લાએલાહ ઈલ્લલ્લાહ બે વખત

અશહદોઅન્ન મોહંમ્મદરે રસૂલુલ્લાહ બે વખત

અશહદો અન્ન અમીરલ મોઅમેનીન

અલીયંને હુંજ્જતુલ્લાહ, એક વખત

હંય્ય અલસ્સંલાહ, બે વખત

હંય્યઅંલલ ફલાહં, બે વખત

હંય્ય અંલા ખંયરિલ અંમલ બે વખત

કંદકાંમતી સંસંલાહ, બે વખત

તહકીક કાયમ થઇ નમાઝ.

અલ્લાહો અકબરે, બે વખત

લાએલાહ ઈલ્લલ્લાહ, એક વખત

---

## નમાઝ પડવાની રીતનું બયાન.

જાણવું જોઇએ કે જે વખતે નમાઝ પડે ત્યારે નમાઝ પડના વાળાના કપડા અને અંગ બનતા સુધી પાક હોવું જોઇએ એટલે કોઇ વખતે અંગ અથવા કપડું નજીસ હોય અને પાક ન કરી શકે તો તેનો હુકમ જુદો છે.

નમાઝ પડે ત્યારે મરદ માટે આગળ પાછળ શરમની જગ્યો

છુપાવવી જરૂર છે અને ઓરતો માટે તમામ અંગ છુપાવવું જરૂર છે પણ હાથની હથેળી અને પગના કાંડાની નીચેનો ઉપલો ભાગ ખુલ્લો હોય અને મોઢું ઉઘડું હોય તો નમાઝ પડવા માટે હરકત નથી.

નમાઝ પડે ત્યારે કીબલાની સામે ઉભું રહેવું વાજીબ છે અને સીજદો કપડા ઉપર ન થાય અને સાજદો કરવા બેહતર છે કે માટીની મોહર રાખે અથવા લાકડું પાણો રાખે, ઝમીન ઉપર પણ સાજદો થઇ શકે છે મતલબ એક ખાવા પીવાની પેહેરવા ઓઢવાની ચીજ અને ધાતુ વગેરેપર સીજદો દુરસ્ત નથી, અને સીજદાની જગો પણ પાક હોવી જોઇએ.

નીય્યત—જે નમાઝ પડવી હોય તેની નીય્યત દીલમાં કરવી જેમકે સુબહની નમાઝ પડવી હોય તો દીલમાં નીય્યત કરે કે નમાઝ પડુંછું સુબ્હના " કુરબતન એલલાહ " પછી " તકબીરતુલ એહરામ " કહે એટલે " અલ્લાહો અકબર " કહે, પછી નીચે મુજબ અલહમ્દની સુરત પડે.

અલહમ્દનો સુરો તરજુમા સાથે.

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ*

શરૂ કરૂછું હું ખુદાના નામ સાથે કે તે રહમાન છે રહીમ છે.

અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન*

તમામ તારીફ વાસ્તે રબ્બુલ આલમીનની છે.

અર્ રહમાનિર્ રહીમ* માલેકે યવ્મિદ્દીન*

તે રહમાન રહીમ છે, માલીક છે કયામતના દીવસનો,

ઇય્યાક નઅ્બોદો વઇય્યાક નસ્તઈન*

અમો ખાસ તારી ઇબાદત કરીએ છીએ અને અમો તારાથી મદદ ચાહીએ છીએ

એહ્દેનસ્સેરાતલ્ મુસ્તકીમ* સેરાતલ્લઝીન

હીદાયત કર અમોને રાહે રાસ્તની, તેઓની રહ કે જે

**અનઅૈમત અૈલયહિમ ગયરિલ મગઝૂબે**

લોકોને તેં નેઅમતો અતા કરી છે. ન રાહ તે લોકની કે ગઝબ કર્યો છે

**અૈલયહિમ વલઝ ઝોલ્લીન* * * ***

ઉપર તેઓનો અને ન રાહ ગુમરાહોની.

---

પછી કુલહો વલ્લાહનો સુરો પડે.

કુલ્હો વલ્લાહનો સુરો તરજુમા સાથે.

**બિસમિલ્લાહિરે રહેમાનિરે રહીમ.**

શરૂ કરૂછું હું ખુદાના નામ સાથે કે તે રહમાન છે રહીમ છે.

**કુલહોવલ્લાહો અહદ અલ્લાહુસસમદ,**

કહે તું તે અલ્લાહ એકજ છે અલ્લાહ એનયાઝ છે

**લમયલિદ વલમયૂલદ વલમ યકુન લહૂ**

નથી જણ્યો તેણે કોઇને અને ન તેને કોઇએ જણ્યો છે અને

**કોફોવન અહદ.**

નથી વાસ્તે તેની બરાબરીવાળો કોઇ.

પછી રૂકુઅમાં જાય એટલે ગોઠણ સુધી હથેળી પહોંચે એટલું નમે પછી રૂકુઅની અંદર બરાબર ઠેરીને નીચે મુજબ ત્રણ વખત કહે તો પણ બસ છે.

"સુબ્હાનલ્લાહે" આ પ્રમાણે બરાબર ત્રણ વખત પડે અથવા આ મુજબ એક વખત કહે.

**સુબહાન રબ્બેયલ અઝીમે વબેહમ્દેહી.**

પાકીઝા જાણુંછું પોતાના પાળનાર બુઝુર્ગને અને તેની તાઅરીફ કરૂંછું.

પછી સાધો ઉભો રહે અને આ પડીને સીજદામાં જાય.

**સમેઅૈલ્લાહો લેમન હમેદહ.**

જે શખસે અલ્લાહની તાઅરીફ કરી તે તેણે સાંભળી.

સીજદામાં સાત ભાગ જમીન ઉપર રાખવા જરૂર છે, પેશાની એટલે કપાળ બંને હથેળી ગોઠણ બંને પગના અંગુઠા એ મુજબ સાતે ભાગ જમીન ઉપર રાખે પણ કપાળને ઉપર બયાન થઈ ચુકેલી ચીજ ઉપર રાખે, પછી બરાબર ઠેહરીને નીચે મુજબ ત્રણ વખત પડે તો પણ બસ છે, "સુબ્હાનલ્લાહે" અથવા આ મુજબ એક વખત કહે.

**સુબ્હાન રબ્બેયલ અઅલા વબેહં મેદેહ.**

પાક જાણું છું હું મારા રબને કે તમામથી બુલંદ છે અને તેની તારીફ કરૂં છું
પછી સીજદામાંથી બેઠો થાય અને બરાબર બેસીને આ પડે.

**અસ્તગ્ફેરૂલ્લાહ રબ્બી વઅતૂબો એલયેહે**

બખશીસ ચાહું છું અલ્લાહથી તે મ્હારો રબ છે તેની તરફ રજુ કરૂં છું

પછી બીજા સીજદામાં જાય અને પહેલા સીજદાના માફક બીજો સીજદો કરીને બેઠો થાય અને નીચે મુજબ ઉભો થતો થતો પડે.

**બેહંવલિલ્લાહે વકુંવ્વતેહી અકૂમો વઅકઉંદ**

ખુદાની કુવ્વત અને તેનીજ મદદથી ઉઠું અને બેસું છું

પછી સીધો ઉભો રહીને પહેલી રકાતની જેમ અલહમદો અને કુલહોવલ્લાહની સુરત પડીને બંને હાથ ઉંચા કરી નીચે મુજબ દુઆ પડે તો બસ છે અને તેને કુનુત કહે છે.

**રબ્બના આતેના ફિદુન્યા હંસનતનં વફિલ**

અએ અમારા રબ દેતું અમોને દુન્યામાં નેકી અને

**આખેરતે હંસનતનં વકેના અંઝાબન્નાર**

આખેરતમાં નેકી અને બચાવ અમોને અઝાબથી આગના.

એ મુજબ પડીને પેહલી રકાતના માફક રૂકુઅ અને બંને સીજદા બરબર કરીને બરાબર બેસે અને નીચે મુજબ "તશાહુદ" પડે.

**અશ્હદોઅનં લાએલાહ ઈલ્લલ્લાહો વહ્દહૂ**

ગવાહી આપું છું હું કે નથી કોઇ માઅબુદ પણ અલ્લાહ અને તે એકજ છે

**લાશરીક લહૂ વ અશહદો અન્ન મોહંમ્મદને**

નથી શરીક વાસ્તે તેના અને ગવાહી આપુછું હું તહકીક મોહમ્મદ સ૦

**અબ્દોહૂ વ રસૂલોહૂ અલ્લાહુમ્મ સંલ્લેઅંલા**

બંદા તેના અને રસુલ તેના છે અએ ખુદા રહમત મોકલ ઉપર

**મોહંમ્મદે વઆલે મોહંમ્મદે.**

મોહમ્મદ અને આલે મોહમ્મદની.

પછી નીચે મુજબ ત્રણ સલામ પડે તો નમાઝ તમામ થાય

પહેલી સલામ **અસ્સલામો અંલયક અય્યોહ-**

સલામ થાય આપ ઉપર અએ

**ન્નબિય્યો વ રહંમતુલ્લાહે વ બરકાતોહુ.**

નબી અને રહમત અલ્લાહની અને બરકતો તેની

બીજી સલામ **અસ્સલામો અંલયના વઅંલા**

સલામ થાય ઉપર અમારી અને ઉપર

**એબાદિલ્લાહિ સ્સાલેહીન.**

બંદાઓ નેકની.

તીજી સલામ **અસ્સલામો અંલયકુમ વરહંમતુ-**

સલામ થાય ઉપર તમારી અને રહમત

**લ્લાહે વ બરકાતોહુ.**

અલ્લાહની અને બરકતો તેની.

એ મુજબ પડવાથી નમાઝ તમામ થઇ, અને ઝોહરની નમાઝ પડવી હોય તો નીય્યત કરે કે નમાઝ પડુ છું ઝોહરની "કુરબતન એલલ્લાહ" પછી સુબહની નમાઝ પ્રમાણે બંને રકાત પડે પણ "તશહુદ" ની બાદ સલામ ન પડે અને જેવી રીતે પેહલી રકાત પડીને જે પડતો પડતો ઉભો થયો હતો તે

પડતા પડતા ઉભો થાય અને ત્રીજી રકાતમાં જોઇએ તો ફકત એક વખત અલહંમદની સુરત પડે અથવા નીચે મુજબ ત્રણ વખત " તસબીહાતે અરબાઅ " પડે તો પણ બસ છે, પણ તસબીહાતે અરબાઅમાં બિસમિલ્લાહ પડવી મનાઈ છે તસબીહાતે અરબાઅ આ છે. **સુબ્હાનલ્લાહે વલ્હમ્દો-**

પાક છે અલ્લાહ અને તમામ તાઅરીફ વાસ્તે

**લિલ્લાહે વલાએલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો**

અલ્લાહની છે અને નથીકોઇ મઅબુદ પણ અલ્લાહ અને અલ્લાહ

**અકબરે.**

બુઝુર્ગ છે.

પછી રૂકુઅ અને બન્ને સીજદા બરાબર કરીને ચોથી રકાત માટે ઉભો થાય અને ત્રીજી રકાતમાં જે પડયો હતો તેજ પ્રમાણે પછી રૂકુઅ અને બે સીજદા કરીને બરાબર બેસે અને જેમ બીજી રકાતમાં તષહુદ પડયો હતો તેમ પડીને ત્રણે સલામ પડે તો નમાઝ તમામ થઇ, અને અસર તથા ઇશા એ બન્ને નમાઝ પણ ઝોહરની પ્રમાણે પડે, નીય્યત હરએક નમાઝની જુદી જુદી કરે એટલે ઝોહરની પડે તો ઝોહરના, ઇશાની પડે તો ઇશાનો અને મગરીબની નમાઝ ત્રણ રકાત છે તો તે નમાઝ પણ ઝોહરની પ્રમાણે પડે પણ જે વખતે ત્રીજી રકાતના બન્ને સીજદા પુરા થાય તો બેસીને તષહુદ અને સલામ પડીને નમાઝ તમામ કરે. અને બીજો ફેરફાર છે તે પણ બીજી કીતાબોથી સમજીને પડે.

---

## શબેકદરના અઅમાલ.

શબેકદરની ઘણીજ બુઝુરગી અને ફઝીલત છે હદીસમાં છે કે શબેકદરની રાત્રે જાગવા અને ઇબાદત કરવામાં હજાર મહીનાની બંદગી કરતાં વધારે સવાબ છે. અને શબેકદરની રાતરે જાગે અને ઇબાદત કરે તો અગર આસમાનના સીતારાની ગણત્રી મુજબ અને પહાડોના ભાર જેટલા અને દરયાના ફીણ બરાબર ગુનાહ હોય તો પણ માફ થાય છે શબેકદર, ખુદાએ પોતાની

મસલેહતના સબબથી છુપી રાખી છે, શબેકદરમાં જે દોઆ માગે તે કબુલ થાય છે.

હવે ઉપર બયાન થીએલી ત્રણે રાત્રે શું શું અઅમાલ કરવા તે નીચે મુજબ. ઓગણીસમી રાતના અઅમાલ--હઝરતે રસુલે ખુદા સ૦ થી મનકુલ છે કે જે કોઇ શબેકદરની રાતરે બેરકાત નમાઝ પડે અને હરએક રકાતમાં અલહુમદની બાદ સાત સાત વખત કુલહોવલ્લાહુનો સુરો પડે અને બેઉ રકાત પુરી થવા પછી સાત્તેર વખત.

" અસ્તગ઼ફ઼ેરૂલ્લાહ વઅતૂબો એલયેહે "

પડે તો તેની બરકતથી ખુદા તેને તથા તેના માબાપને બખશી આપે અને કેટલાક ફીરીશતાઓને મોકલે કે તેઓ બીજા વરસ સુધી તેના માટે નેકીયું લખ્યા કરે, અને કેટલાંક મલાએકને બેહીશતમાં મોકલે, કે તેઓ તેના માટે ઝાડ લગાડે મકાન બનાવે અને નેહરૂં જારી કરે. અને તે શખસને મરવાની પહેલાં કોઇ રીતે પણ તે તમામ ચીજો ખુદા દેખાડશે.

શબેકદરની રાતરે સુન્નત ગુસલ કરવાનો અને ઇમામે હુસૈન અ૦ની ઝીયારત પડવાનો ઘણોજ સવાબ વારીદ થયો છે. અને બેહતર છે કે સુરજ અસ્ત થતી વખતે ગુસલ કરે.

હઝરતે ઇમામે મોહમ્મદે બાકેર અ૦થી મનકુલ છે કે શબે કદરની રાતરે સુન્નત છે કે કુરઆન શરીફ હાથમાં લઇ ખોલીને આ દોઆ પડે "અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક બેકેતાબેકલ્ મુન્ઝલ્ એૅંલાનબિય્યેકલ્ મુર્સલ્ વમાફ઼ીહે વફ઼ી હિસ્મોકલ્ અકબરે વ અસ્મૉઓકલ્ હુૅંસના વમા યોખૉફ઼ો વ યુર્જા અન્તજ્અૅંલની મિન્ઑતકૉએક મેનન્નારે વ તકઁઝેયા હૅંવૉએજી લિદુન્યા

વલી આખેરહુ” પછી ખુદા પાસે પોતાની હાજત હોય તે માગે ઇ૦ પુરી થાશે.

હઝરતે ઇમ.મે જાઅફરે સાદેક અ૦થી મનકુલ છે કે શબેકદ્રની રાતરે કુરઆન શરીફને માથા ઉપર રાખીને આ દોઆ પડે.

“અલ્લાહુમ્મ બેહકકે હાઝલ કુરઆને વબેહકકે મન્અરસલ્તહૂ બેહી વબેહકકે કુલ્લે મોઅમેનિન મદહતહૂ ફીહે વબેહકકેક અલયહિમ ફલા અહદ અઅરફ બેહકકેક મિન્ક” આ મુજબ પડીને દસ વખત કહે “બેક યાઅલ્લાહ” પછી દસ વખત કહે “બે મોહમ્મદિન” પછી દસ વખત કહે “બેઅલિય્યીન” પછી દસ વખત કહે “બેફાતેમહ” પછી દસ વખત કહે “બિલહસને” પછી દસ વખત કહે “બિલહુસયને” પછી દસ વખત કહે “બે અલીયિબ્નિલ હુસયન” પછી દસ વખત કહે “બે મોહમ્મદિબ્ને અલિય્યીન” પછી દસ વખત કહે “બેજઅફરિબ્ને મોહમ્મદિન” પછી દસ વખત કહે “બે મુસબ્ને જઅફરિન” પછી દસ વખત કહે “બે અલીયિબ્ને મૂસા”

પછી દસ વખત કહે "એ મોહંમ્મદિબ્ને અંલિય્યીન"

પછી દસ વખત કહે "એઅંલીયિબ્ને મોહંમ્મદિને"

પછી દસ વખત કહે "બિલહંસનિબ્ને અંલિય્યીન"

પછી દસ વખત કહે " બીલહુંજજતે " પછી ખુદા પાસે

જે હાજત હોય તે માંગે. જાણવું જોઇએ કે ઉપર જે બે દોઆ લખી છે તે બે ઇમામ અ૦થી વારીદ થઈ છે અને રીવાજ પડી ગયો છે કે એકજ વખતમાં આ બંને દોઆ ઉપર લખ્યા મુજબ પડી લીએ છે કે પેહલે કુરઆન હાથમાં લઈને દોઆ પડે અને પછી તેજ વખતે કુરઆન માથા ઉપર મુકીને દોઆ પડે છે અને બારમા ઇમામનું જે છેલ્લે નામ આવે છે ( બીલહુજજતે ) તો તાઅઝીમ માટે ઉભા થઇને દસ વખત મજકુર નામ મુબારક લીએ છે, અને શબેકદરની રાતરે બબે રકાત કરીને સો રકાત પડવી સુન્નત છે, આ જે અઅમાલ બયાન થયા તે સરવે ઓગણીસમી એકવીસમી અને તેવીસમી એ ત્રણે રાતે કરવાના છે હવે ઓગણીસમી

રાતના ખાસ અઅમાલ એ છે કે સો વખત કહે "અસ્તગ્‌ફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલયેહ"

અને સો વખત કહે " અલ્લા હુમ્મલઅંને કંતલત અમીરિલ મોઅંમેનીન " અને એક મોહટી

દોઆ પડવાની છે, અને એકવીસમી રાતરે ખાસ અઅમાલ નથી ફકત એક મોટી દોઆ છે. તેવીસમા રાતરે બે ગુસલ કરવા સુન્નત છે એક સાંજના અને બીજું પાછલી રાતના, અને હજાર વખત દફા અનઝલનાહુનો સુરો પડવામાં ઘણો સવાબ છે, અને ઇમામે જાઅફરે સાદેક અ૦ ફરમાવ્યું કે તેવીસમી રાતના "સુરએ અનકબુત" અને " સુરએરૂમ " એ બંને સુરા જે કોઇ પડે તો હું

ખુદાની કસમ ખાઇને કહું છું કે તે બેહીશતી છે વીગેરે. અને આ રાતરે સો રકાત નમાઝ પડવાની વધારે તાકીદ છે.

હદીસમાં છે કે માહે રમઝાનમાં ઇફતાર (રોઝો ખોલવાને વખતે) ને વખતે હમેશા હજાર હજાર માંણસો જે જહન્નમની લાયક હોય તેને ખુદા આઝાદ ફરમાવે છે અને માહે રમઝાનની છેલ્લી રાતરે તો તમામ માહ રમઝાનમાં આઝાદ કર્યા હોય એટલા ગુનેહગારોને આઝાદ ફરમાવે છે.

## ઇદની નમાઝ.

ઇદની નમાઝ વાજીબ નથી પણ સુન્નત છે, અને જમાઅત વીના પણ પડી શકાય છે, તે બે રકાત સુબહની નમાઝની જેમ પડે તો પણ બસ છે. અને હમેશની નમાઝનુ કુનુત પડી શકાય છે, પણ ઇદની નમાઝનુ ખાસ કુનુત છે તે નીચે છે પેહલી રકાતમાં પાંચ વખત અને બીજી રકાતમાં ચાર વખત કુનુત પડે બાકી સુબહની જેમ નમાઝ પડે.

## ઇદની નમાઝનું કુનુત.

અલ્લાહુમ્મ અહલલ કિબરીયાએ વલઅઁઝમહ, વઅહલલજૂદે વલ જબરૂત, વઅહલલ અઁફવે વરરહમતે વઅહલત્તકવા વલ મગફેરહ, અસઅલોક બેહકકે હાઝલ યવમિલ્લઝી જઅઁલ્તહૂ લીલમુસ્લેમીન ઇદા, વલે મોહમ્મદિને સલ્લલ્લાહો અઁલયહે વઆલેહી ઝુખરન વકરામતન વશરફન વ મઝીદા, અન્તોસલ્લેય અઁલા મોહમ્મદિને

વઆલે મોહંમ્મદે વઆન્તુદૈંખૈલની ફી કુલ્લે ખૈંયરિન્ને અહૈંખૈંલ્ત ફીહે મોહંમ્મદને વઆલ મોહંમ્મદ, વઆન્તુખૈંજની મિન્કુલ્લે સૂઈને અઐંરજૈંત મિન્હો મોહંમ્મદને વઆલ મોહંમ્મદ સૈંલવાતોક ઐંલયેહે વઐંલયેહિમ, અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક ખૈંયૈર માસ-અલક બેહી ઐંબાદોકસ્સૈંલેહૈંન; વઅઊંઝોં બેક મિમ્મસ્તઐંઆઝં મિન્હો ઐંબાદોક હમુખૈંલેસૈંન.

—o-o○○o○o—

## મય્યીતના ગુસલ દફન વીગેરેનું બયાન.

જે વખતે કોઇ બીરાદરે મોઅમીન ગુજરી જાય તો ખુદાના હુકમ પ્રમાણે ગુસલ આપવું વાજીબ છે તેથી ઉલટું આપવાથી ગુનાહ થાય છે માટે બરાબર ધ્યાન રાખી નીચે મુજબ ગુસલ આપવું, મઇયીતને ત્રણ ગુસલ આપવા વાજીબ છે પેહલે બોરડીના પાંદનું બીજું કાફુરનું ત્રીજું ખાલીસ પાણીનું.

મઇયતના અંગમાં કોઇ જાતની નજાસત (નાપાકી) હોય તો બે વખત ધોઇને પાક કરે પછી પાણીમાં બોરડીના થોડાં પાંદડાં નાંખીને ચોળે એટલે તે બોરડીના પાંદનું પાણી થયું. પછી જે જે ગુસલ આપે તે નીયત કરે કે આ મઇયીતને ગુસલ આપુ છું બોરડીના પાંદનું "કુરબતન એલલ્લાહ" પછી ગુસલ કરવાનું જેમ ઉપર બયાન થયું તેજ પ્રમાણે મઇયીતને ગુસલ આપે કે પેહલે ગરદન અને માથું બરાબર ધોવે કે કોઇ

જગો કોરી ન રહે અને ગરદનથી જરા નીચેના ભાગમાં વધારે ધોવે. પછી જમણી બાજુનું અરધુ અંગ ખભાથી તે હાથ અને પગના તળીયા સુધી બરાબર ધોવે કે જરા પણ બાકી ન રહે. પછી ડાબી બાજુનું અરધું અંગ ધોવે અને જમણી અને ડાબી બાજુ ધોતી વખતે શરમની જગો અને દુટીને ધોવે, એ મુજબ ધોવાથી એક ગુસલ તમામ થયું.

પછી બીજુ પાણી લઇને તેમાં સેજ કાફુર નાંખીને ચોળવું કે તે કાફુરનું પાણી થયું, પછી નીય્યત કરે કે આ મઇયીતને ગુસલ આપું છું કાફુરના પાણીનું "કુરબતન અલલ્લાહ" પછી જેમ બોરડાનું ગુસલ આપ્યું તેમજ કાફુરનું ગુસલ આપે. પછી ખાલીસ પાણી એટલે તેમાં કાંઇ પણ નાંખેલું ન હોય તે પાણી લઇને નીય્યત કરે કે આ મઇયીતને ગુસલ આપું છું ખાલીસ પાણીનું "કુરબતન અલલ્લાહ" પછી બંને ગુસલની મુજબ ગુસલ આપે તો મઇયીત પાક થઇ જાય છે.

# કફનનું અને હુનુતનું બયાન.

મય્યીતને ત્રણે ગુસલ આપવા પછી કાફુરને ચોળીને ઝીણું કરવું અને કપાળ, બન્ને હથેળી બન્ને ગોઠણ અને પગના બન્ને અંગુઠા એ સાત ભાગ ઉપર કાફુર ચોળવું.

પછી કફન પેહરાવવું, કફનમાં પેહલે લુંગી પેહરાવવી અને લુંગી દુટીથી તે ગોઠણ સુધી પેહોળી હોવી જોઇએ, અને લાંબી તો બરાબર બંધાઇ શકે એટલી હોવી જોઇએ.

પછી પેહરાન પહેરાવવું અને પહેરાન ખભાથી તે પગની અડધી પીંડલી સુધી લાંબુ હોય તો બસ છે, પછી ચાદર પેહરાવે, ચાદર એટલી પહોળી હોય કે તમામ અંગ ઢંકાઇ શકે, અને લાંબી એટલી હોય કે બન્ને તરફ બાંધી શકે.

## મય્યીતની નમાઝનું બયાન.

મઇયતને કીબલાનાં તરફ એવા રીતે સુવાડી દે કે નમાઝ પડનારના જમણા બાજુએ તેનું માથું હોય અને અહુવત એ છે

કે અગર મરદની મઇયત હોય તો નમાઝ પઢનાર મઇય્યતની કમરની પધોર રહે, અને અગર ઓરતની મઇય્યત હોય તો તેની છાતીના પધોરમાં ઉભો રહે અને એટલો જનાઝાની નજદીક ઉભો રહે કે અગર તેનું કપડું હવાથી ઉડે તો તે જનાઝાને અડી શકે, અને આ નમાઝ માટે વઝુ ગુસલની જરૂરત નથી પણ સુન્નત છે, અને તે નમાઝની ટુંકમાં કેફીયત એ છે કે પહેલા નીય્યત કરે કે "હું આ મૈયત ઉપર નમાઝ પઢું છું વાજીબ કુરબતન એલલ્લાહ" તે પછી તકબીર એટલે "અલ્લાહો અકબર" કહીને આ પડે. **અશ્હદો અને લાએલાહ ઈલ્લલ્લાહો વઅશ્હદો અન્ન મોહંમ્મદર્ રસૂલુલ્લાહ** તે પછી બીજી તકબીર કહીને આ મુજબ પડે "**અલ્લાહુમ્મ સંલ્લે અંલા મોહંમ્મદિને વઆલે મોહંમ્મદ**" તે પછી ત્રીજી તકબીર કહીને આ મુજબ પડે **અલ્લાહુમ્મગ્ફિર્લિલ્ મોઅ્મેનીન વલ્ મોઅ્મેનાત**" પછી ચોથી તકબીર કહીને આ મુજબ પડે **અલ્લાહુમ્મગ્ફિર્ લેહાઝંલ્ મય્યિત.**

તે પછી પાંચમી તકબીર કહે એટલે નમાઝ તમામ થઇ, અને અગર ઓરતની મઇયત હોય તો "લેહાઝલ મઇયાત" ના બદલે "લેહાઝેહીલ મય્યિત" કહે, અને અગર છોકરાની મઇયત હોય અને માંબાપ મોઅમિન હોય તો ચોથી તકબીરની બાઅદ આ મુજબ પડે.

**અલ્લાહુમ્મજ્અંલ્હો લેઅબવયેહે સલફન્ વ ફરતંન્ વ અજ્રા** અને અગર બાપ મોઅમીન હોય અને મા મોઅમેના ન હોય તો આ પ્રમાણે કહે.

**અલ્લાહુમ્મજ અલહો લેઅબીહે વલના સલફન વફરતન વઅજરા** અને અગર બાપ મોઅમીન ન હોય અને મા મોઅમેના હોય તો **લેઅબીહે** શબ્દના બદલે " **લેઉમ્મેહિ** " કહે અને છોકરીની મઇયત હોય તો "**અબવયેહે**" એ શબ્દને બદલે '**અબવયહા**' અને "**અબીહે**" શબ્દના બદલે "**અબીહા**" અને **ઉમ્મેહી** શબ્દના બદલે **ઉમ્મેહા** કહે.

### દફન કરવાનું બયાન.

વાજીબ છે કે મઇયાતને જમીનમાં દફન કરે એવી રીતે કે બદબો બાહેર આવી ન શકે, અને કોઇ જનાવર ખોદી બાહેર કાઢી ન શકે અને કબરમાં એવી રીતે સુવરાવે કે મઇયતનું જમણું પડખું નીચે આવે અને કીબલા સામે મોહું રહે પછી દફન કરી આપે.

### મઇયતને લગતાં કેટલાંક મસાએલ.

મઇયતને ગુસલ આપવા વાળો મોઅમીન હોવો જોઇએ ગુસલનું પાણી પાક હોવું જોઇએ, અને રજા સીવાય પરાયું પાણી ન હોવું જોઇએ.

મઇયતને ગુસલ આપનાર મરદ માટે મરદ અને ઓરત માટે ઓરત હોવા જોઇએ.

ત્રણ વરસની છોકરીને મરદ, અને ત્રણ વરસના છોકરાને ઓરત ગુસલ આપી શકે છે.

ઓરત પોતાના ધણીને અને મરદ પોતાની ઓરતને ગુસલ આપી શકે છે તે શીવાય મહરમ મહરમને આપી શકે છે.

ગુસલ કફન દફન વીગેરે માટે મઇયીતના "વાલી" (વારીસ) કે જેની રજા લેવી જરૂર છે તેની રજા લેવી જોઇએ તેની રજા શીવાય કોઇ કામ ન કરે, પણ અગર આપણને ખાત્રી હોય કે તે રાજી છે તો પછી રજા ન લઈએ તો હરકત નથી.

મય્યીતની બાઅદ સારા સારા કામ કરવા સખાવત કરવી વીગેરે અને તેનો સવાબ તેની રૂહને બક્ષી આપવામાં બન્નેને ઘણો સવાબ છે.

## ફાતેહા અને ઝીયારત વીગેરે.

જાણવું જોઇએ કે કોઇ ગુજરી જાય તેના માટે તેમજ કાંઇ પકાવીને તે વહેંચતી વખતે ફાતેહા પડાય છે, તો અસલ ફાતેહા અલહમ્દના સુરાનું નામ છે અને અલહમ્દનો સુરો વાંચ પડીને મરનારની રૂહને તેનો સવાબ બખશી આપવામાં તે પડનારને તેમજ મરનારને સવાબ થાય છે, તો ફાતેહા પડો એટલે અલહમ્દનો સુરો પડો થયું. અને કુરઆન હોઆ જેટલું વધારે પડે તેટલો વધારે સવાબ છે તેથી કોઇ ફાતેહામા અલહમ્દનો ઇન્ના અનઝલનાનો કુલહો વલ્લાહનો સુરો અને સલવાત પડે છે, પણ ફાતેહાથી મતલબ ઉપર બયાન થયો તે છે, કબ્રસ્તાનમાં જવું તો ત્યાં ફાતેહા પડવા તેથી પણ એજ ઉપર મુજબ સમજવું.

જાણવું જોઇએ કે ઇનસાન મરી ગયા પછી જીવતા રહેલાઓથી કારેખૈરની આશા રાખે છે કે તેના વાસ્તે નમાઝ વાંચ પડીને સવાબનો હદીયો મોકલતા રહે કેમકે તેવખતે તે બિચારાથી કાંઇ પણ કામ થઇ શકતું નથી, અને લાઝીમ છે કે ખાસ કરીને માબાપ માટે જરૂર કારેખૈર કરે કેમકે અવલાદ ઉપર તેઓનો હક ઘણો છે. હદીસમાં આવ્યું છે કે અગર માબાપ નારાઝ હોય તો ફરઝંદ જન્નતની ખુશબુથી પણ મહરૂમ રહેશે જો કે જન્નતની ખુશબુ પાંચસો વરસના રસ્તેથી આવે છે. અને હદીસમાં વારીદ થએલું છે કે હયાતીમાં કેટલીક વખત માબાપ રાજી રહે છે પણ મરવાની બાઅદ અગર તેઓ માટે કારેખયર ન કરે તો નારાઝ થઇ જાય છે. અને કેટલીક વખત એમ પણ બને છે કે અગર હયાતીમાં નારાઝ થઇને મરણ પામ્યા હોય પણ જ્યારે તેઓ માટે કારેખયર કરવામાં આવે છે ત્યારે તેઓ રાજી થઇ જાય છે,

માટે આપણાથી રાજી રહી મર્ણ પામ્યા હોય તો પણ જરૂર છે કે આપણે તેઓ માટે નેક અઅમાલ બજાવી લાવીયે કેમકે નારાઝ થઇ જવાનો ખોફ રહે છે, અને અગર ખુદા ન કરે આપણાથી નારાઝ થઇને મર્ણ પામ્યા હોય તો વાજીબ અને લાઝીમ છે કે તેઓ માટે એવા સવાબના કામ કરે કે તેઓ રાજી થઇ જાય. જાણવું જોઇએ કે કારેખયર માત્ર રૂપીઆથી થતું હોય તેમ નથી બલકે હાથ પગ અને જીભથી પણ થઇ શકે છે કે નમાઝ રોઝા અને ઝીકરે ખુદા પડીને તેનો સવાબ મઇયતને બક્ષી આપે, અને મઇયત માટે જે જે કારેખયર કરવામાં આવે છે તેનો સવાબ મઇયતને અને તેના કરનાર બન્નેને મળે છે, અને કેટલાક સવાબ એવા છે કે અગર મઇયત ઉપર અઝાબ થતો હોય તો ઓછો થઇ જાય છે, બલકે કેટલાક કામ એવાં છે કે મઇયત જહન્નમી હોય તો જન્નતી થઇ જાય છે, માટે હે ! બારાદરાને ઇમાની પોતાના મુરદાઓ ઉપર દયા લાવો અને જેમ બને તેમ તેઓ માટે નેક કામ બજાવી લાવો કેમકે આપણે પણ એક દીવસ મરવું છે, અગર આપણે બીજાઓ માટે કાંઇ નેક કામ કરીશું તો આપણને પણ કોઈ યાદ કરશે અને આપણા ઉપર રહમ કરશે.

નમાઝે વહશત કે જે મઇયતના હદીયા તરીકે મશહુર છે તે બેહતર એ છે કે મરે તેજ દીવસે મગરીબ અને ઇશાના વચ્ચે પડે કે મશહુર અને ચાલુ પણ એમજ છે, અગર વહશતની નમાઝને મગરીબ અને ઇશાની વચ્ચે ન પડી શકે તો દફનની રાતરે જ્યારે ચાહે ત્યારે રાતના છેલ્લા ભાગ સુધી પડી શકે છે. નમાઝે વહશત પોતે પડે અથવા બીજા પાસે પડાવે બન્ને જાયઝ છે, મઇયતના હદીયાની નમાઝ સુન્નત છે પણ પૈસા લઇ પડે તેના ઉપર વાજીબ છે. વહશતનો તરીકો એ છે કે વહશતના બે રકઅતની પેહેલે નીય્યત કરે કે નમાઝે વહશત પડુ છું કુરબતન એલલ્લાહ, પછી અલહમ્દનો સુરો પડી આયતુલ કુરસીને "હુમ ફીહા ખાલેદુન" સુધી એક વખત એહતેયાતન પડે અને બીજી રકઅતમાં સુરએ અલહમ્દની બાદ દસ વખત સુરએ "ઇન્ના અનઝલનાહુ" બીસમીલ્લા સહીત પડે, અને નમાઝ તમામ કરીને સલવાત પડીને તેના સવાબ મઇયતના રૂહને બક્ષી આપે.

જ્યારે કોઇને ત્યાં મઇયત થાય ત્યારે મકાનવાળા અને આડોશી પાડોશીયો ઉપર સુન્નત છે કે જેને ત્યાં મઇયત થયું હોય તેને ત્યાં ત્રણ દીવસ સુધી ખાણું પકાવીને લઇ જાય અને તેને દીલાસો

આપીને સબર કરવાનું કહે કે તેમ કરવું મહા મોહટાં સવાબનું કારણ છે, અને લાઝીમ છે કે મઈયતની બુરાઇને કદી બયાન કરે નહીં. અને ઓરતોને લાઝીમ છે કે અગર શવહર ગુજરી ગયો હોય તો ચાર મહીના અને દસ દીવસ સુધી વફાતનો ઇદ્દો અને સોગ રાખે કેમકે તે મુદ્દતમાં બીજો નીકાહ કરવો અને શણગાર સજવો અને ઉમદા પોશાક કે જે શણગારમાં દાખલ છે તે પહેરવો હરામ છે, બલકે જેટલી બાબતો શણગારનું કારણ હોય તે જાણી જોઇને કરવી જેમકે ચુડીઓ પહેરવી અને મેંહદી અને સુરમો લગાડવો અને મિસ્સી ઘસવી અને રંગીન કપડાં પહેરવા અને ખુશબુ અને તેલ લગાડવું જેમકે ઝઅફરાન બલકે હરએક ખુશબુનું સુંઘવું વીગેરે હરામ છે. અને જે ખાણામાં ખુશબો હોય તે ખાણું પણ ન ખાય અને કોઇ પણ જાતનું ઘરાણું ન પહેરે એટલે સુધી કે ઇદ્દો ખલાસ થાય, પણ ન્હાવું ધોવું અને કાંસકો કરવો અને સારા બીછાના ઉપર બેસવું અને મોહટા મોહટા મકાનોમાં રહેવું હરામ નથી, અને એવી રીતે પોતાનાં બાલ બચ્ચાં અને નોકર ચાકરોને શણગારવા હરામ નથી અને જરૂરતના વખતે જેમકે આંખોના દુખાવા વી૦ ના કારણથી સુરમો લગાડવો જાયઝ છે પણ બેહુતર એ છે કે દીવસના લુછી નાંખે.

વફાતનો ઇદ્દો ચાર મહીના દસ દીવસથી ઓછો અથવા વધારે નથી, પણ જે વખતે ઓરત હામેલા હોય અને ઇદ્દાની મુદ્દત સુધીમાં બચ્ચું જન્મ ન પામે તો જ્યાં સુધી બચ્ચું જન્મ પામે ત્યાં સુધી ઇદ્દો કાયમ રાખવો વાજીબ છે. સાહેબે મુસીબતને મોંહ ઉપર તમાચા મારવા વીખોડીયા ભરવાં વાળ તોડવા વીગેરે મશહુર કોલ પ્રમાણે એ બાબતો જાણીને અને ઇખ્તીયારથી કરવી હરામ છે, પણ બાપ અને ભાઇના ગમમાં હરામ હોવું સાબીત નથી. મઇયત ઉપર રડવામાં કાંઇ હરકત નથી, જોઇએ તો આહીસ્તા રોવે અને જોઇએ તો અવાજથી રોવે, પણ ખુદાની શીકાયતના શબ્દો જબાન ઉપર જારી ન કરે અને ખુદાએતઆલાના રઝા ઉપર રાજી રહેવાથી ઉલટું થાય વી૦ બાબત જાણીને ઇખ્તીયારથી ન કરે.

માતમદારી માટે ગમે તેટલા દીવસ બેસે જાયઝ છે પણ કોઇ સવાબના કામ શીવાય ખાલી માતમદારી કેટલાક આલીમોના કોલ પ્રમાણે એક દીવસથી વધારે રાખવી મકરૂહ છે, પણ નેક

કામ જેમકે કુરઆનખાની અને મજલિસ કરે તો જેટલી વધારે મજલિસ થશે તેટલો વધારે સવાબ મળશે. અકઅયે આઅસુમીન અને ખુસુસન જનાબે સય્યદુશ્શોહદા ઉપર બહુજ દિલગીની મુસીબતમાં રાવું અને નવહા અને ગીરયાઓ જારી કરવો માથું અને છાતી કુટવી માતમ કરવું માથા ઉપર ખાક નાંખવી અને શણગારની બાબતો તરક કરવી માતમી લીબાસ પહેરવો સ્વાદીષ્ટ ચીજો ખાવી તજી દેવી ગીરેબાન ચાક કરવું માથું અને પગ ખુલ્લાં રાખવાં વીગેરે બાબતો જાયજ છે બલકે મુસ્તહબ છે ને બેહદ સવાબ મળશે, બલકે આશુરાને દીવસે કેટલાંક કામ જેવાં કે શણગાર તજી દેવો લાઝીમ છે અને અગર શણગાર કરે અને ગમીના બદલે ખુશી કરે તો તે અહલેબૈતના દુશમનોમાં દાખલ છે બલકે કેટલીક બાબતો અઝાદારીની શરતોમાં દાખલ છે જેમકે તફસીલવાર મજાલીસુલ અહઝાને ફાઝીલે યઝદી અને બેહાર વાગેરેમાં મજકુર છે.

ગુરૂવારે અને શુકરવારે મોઅમેનોની કબરો ઉપર ફાતેહા પડવા માટે જવું મુસ્તહબ છે, અગરચે દરેક જગ્યાએથી ફાતેહા પડવાનો સવાબ મોઅમેનીનની અરવાહોને પહોંચી શકે છે પણ કબ્રસ્તાનમાં જઇને ફાતેહા પડવાનો ઘણો સવાબ છે, અને જયારે કબ્રસ્તાનમાં દાખલ થાય ત્યારે આ પ્રમાણે ઝીયારત પડે.

અસ્સલામો અલયકુમ યા અહેલદેયારે મિનલ્ મોઅમેનીન મોઅમેનીન, વરહેમતુલ્લાહે વબરકાતોહૂ અન્તુમ લના સલફુન વ નહનો લકુમ તબઉન વ ઇન્ના ઇન્શાઅલ્લાહો બેકુમ લાહેકુન, મુસ્તકદેમિન મિન્કુમ વલ મુસ્તઅખેરીન ઇન્નાલિલ્લાહે વઇન્ના એલયહે રાજેઊન.

અને જે શખસ બીરાદરે મોઅમિનની કબર ઉપર સાત વખત ઇન્ના અનઝલનાહુનો સુરો પડે તો તે કયામતના ખોફથી બેખોફ થશે અને તેને અને કબરની અંદરના મોઅમીનને ખુદાએતઆલા બક્ષી આપશે.

લી० હાજી ગુલામઅલી હાજી ઇસમાઇલ ભાવનગરી હાલ અમદાવાદીની અરજ અગર કોઇ જગો ભુલ જોવામાં આવે તો સુધારીને સવાબમાં દાખીલ થવું, અને હરહાલમાં આ ગુનેહગારને દોઆએ ખૈરથી યાદ કરી શાદ ફરમાવશો.

| | | |
|---|---|---|
| માહે શાબાન સન ૧૩૨૬ હી. | તમામ શુદ. | માહે સપટેંમર ૧૯૦૮ ઇસવી. |